ગાંધીનગર સમાચાર

વરસાદ હાથતાળી આપી છટકી ગયો

મા-બાપનુ સાંભળનાર આ છેલ્લી અને સાંભળનાર આ પહેલી પેઢી છે : દિપક તેરૈયા

અર્ક વ્યાખ્યાનમાળામાં મા-બાપ છો ભૂલશો નહિ વિષય પર પ્રો. દિપક તેરૈયાનું સંવેદનશીલ વક્તવ્ય : કલ્યરલ ફોરમની કલ્યરલ સ્કૂલ્સના નવા સત્રનો શુભારંભ

ગાંધીનગર તા ૧૦

મા બાપ બનવાની કોઇ સ્કુલ નથી હોતી પરંતુ મા બાપ બની જવાય છે. આજના યુગમાં ટેકનોલોજીની એરર માં બાળકો મોટા થાય છે. પરંતુ પ્રતિક્રીયાઓમાં કોઇ ફેર નથી. આજની મમ્મીઓ સુપ્રિમ કોર્ટના રોલમાં છે. તો મા બાપ અને શિક્ષકો જજ પણ બન્યા છે. માં બાપનુ સાંભળનાર આ છેલ્લી અને બાળકનુ સાંભળનાર આ પહેલી પેઢી છે. ત્યારે આજના સમાજમાં બાળકને સતત કવચ આપવાની જરૂર નથી. નિશાળથી ભાગવાનુ હવે તેમના નસીબમાં નથી. દરેક બાળક નક્કી કરે છે કે શુ જોડવા જેવુ અને શુ છોડવા જેવુ છે. કરિયરની ચિંતા કરવાનો યુગ વિતી ગયો છે. ત્યારે આજના સમાજે પોતાના બાળકને પઝેસિવનેસ ,ગુસ્સો તેમજ હરિફાઇથી દુર રાખી ટેઢા હે પર મેરા હે નો અભિગમ અપનાવો જોઇએ. તેમ આજે કલ્યરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં માં બાપ છો ભુલશો નહીં વિષય પર વકત્વ્ય આપતા દિપક તેરૈયાએ જણાંવ્યુ હતુ.

બાળકમાં ચોક્કસ સમજ છે મમ્મીના કયા ટોન પર જવાબ આપવો : બાળકના ફેઇલિયોર માટે કોન્ફિડન્ટ રહેવાના બદલે તેને દરેક વાત કરો : માલિકીભાવ અને સ્પર્ધાના અભિગમ વચ્ચે મા બાપ અને શિક્ષકો જજ બન્યા છે : બાળકની હાજરીમાં ક્યારેય ઝઘડો નહીં ભરપુર પ્રેમ કરો : કરિયરની ચિંતા કરવાનો યુગ વિતી ગયો વિશ્વાસ મુકો તો સાચુ બોલશે : માતાપિતાનુ દામ્પત્યજીવન બાળક પર રિફલેકટ કરે છે. : ટી વી મોબાઈલ અને બાળકાની ફુડ હેબિટ મમ્મીને સતાવે છે : દિપક તેરૈયા

ગાંધીનગર કલ્યરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં આજે સંસ્થા દ્વારા સ્કુલ ઓફ એકટીંગ, ડ્રોઇંગ,પેઇન્ટીંગ,મ્યુઝિક તેમજ પર્સનાલીટી ડેવલપમેન્ટના તાલીમ વર્ગોના નવા સત્રનો દિપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. સેન્ટ ઝેવિયર્સ સ્કુલના ફાધર હેકટર તેમજ સંગીત વિશારદ ડો. પુરોહીત,કલ્યરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા તેમજ જ્યોતિન્દ્ર વ્યાસ અને ડો પિયુષ દવેની હાજરીમાં દિપ પ્રાગ્ટય કરીને તાલીમ વર્ગોના નવા સત્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં માં બાપ છો ભુલશો નહી વિષય અંગે બાળ ઘડતર અને બાળ ઉછેરની પવિત્ર પ્રકીયામાં માતા પિતાને સકારત્મક સમજણ આપવા સુપ્રસિધ્ધ વકતા દિપક તેરૈયાએ રસપ્રદ વકત્વય આપ્યુ હતુ.

આ પ્રસંગે તેમણે જણાંવ્યુ હતુ કે બાળક નાનુ છે એ સમાજની મોટી ગેરમાન્યતા છે. પરંતુ એ સમજી લેવાની જરૂર છે.બાળકને સમજ છે કે મમ્મીના કયા

● અનુસંધાન પાન-૭ પર

આજથી જિલ્લાની પ્રાથમિક શાળાઓ બપોરની થશે

ઉપચારાત્મક શિક્ષણના વર્ગો પણ યોજાશે ૧૦ દિવસના વિલંબ બાદ શાળાના સમયમાં ફેરફાર અમલી બન્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકની ૫૯૪ પ્રાથમિક શાળાઓનો સમય આજથી સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ નો થઈ જશે. ૧૦ દિવસના વિલંબ બાદ આ સમયમાં ફેરફાર અમલી થઈ રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં જૂન દરમ્યાન જે હીટવેવ હતો તેને પગલે શાળાઓ વેકેશન બાદ શરૂઆતથી જ સવારની રાખવામાં આવી હતી. પરંતુ હવે ૧૦ દિવસ બાદ જિલ્લાતંત્રએ આ શાળાઓના સમયમાં ફેરફાર કરી હવે ૧૦.૦૦ થી ૫.૦૦ નો રાખવાનો નિર્ણય કર્યો છે. આ માટેના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આ માસમાં જ ગુણોત્સવના પરિણામોને આધારે ઉપચારાત્મક વર્ગોનું અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેથી શિક્ષકો પણ પુરતુ ધ્યાન આ વર્ગોમાં આપી શકશે. આ માટે શિક્ષકોને વાંચન-લેખન અને ગણનની વિશેષ તાલિમ પણ ત્રણ દિવસની આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

ચાતુર્માસ પ્રવેશ - ગાંધીનગરના પ્રવેશદ્વારે જૈનાચાર્ય પૂજ્ય નરરત્નસૂરિશ્વરી મહારાજ સાહેબ ચાતુર્માસ માટે પધાર્યા ત્યારે ભાવિકોએ ઉત્સાહપૂર્વક મહારાજ સાહેબનું સામૈયુ કર્યું હતું... આચાર્ય નરરત્નસૂરિશ્વરી મહારાજ સાહેબના પ્રવચનો સાંભળવાનો ગાંધીનગરને લ્હાવો મળશે...

સેક્ટર-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી વિસ્તારમાં દબાણ અને ગંદકીનુ સામ્રાજય

વૈષ્ણવ સમાજ દ્વારા સમસ્યાના નિકાલ માટે કમિશ્નરને રજુઆત

ગાંધીનગર તા ૧૦

સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી મંદિરના વિસ્તારમાં ગંદકી અને દબાણની સમસ્યા વકરી હોવાથી સ્થાનિક રહીશોમાં નારાજગી વ્યાપી છે. ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા પણ હવેલી આસપાસ વધતા ઝુંપડાના તેમજ લારી ગલ્લાના દબાણો દુર કરી ગંદકી મુક્ત કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સે-૨૧માં સ્થિત ગાવર્ધનનાથજીની હવેલી આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગંદકી હઠીલી બની છે. આ વિસ્તારમાં ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો પણ વધી જતા દર્શને આવતા ભાવિકોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે વૈષ્ણવ સમાજના મંત્રી ચંદ્રકાન્ત અડાલજાએ રજુઆતમાં જણાંવ્યા મુજબ હવેલી આસાપસ ગીચ ઝાડી વચ્ચે ઘાસ ઉગી નિકળ્યુ છે. જેના લીધે જીવજંતુઓનો ત્રાસ પણ વધી ગયો છે. બીજીતરફ આ વિસ્તારમાં ઝુંપડાના દબાણો વધતા જાય છે. જીવજંતુઓના ત્રાસના લીધે ભાવિકો પરેશાની વેઠી રહયા છે.મંદિરના મુખ્યાજી તેમજ તેમના પરિવારજનોએ પણ બિમારીનો ભોગ બનવુ પડે છે. આ રૂટમાં સ્થિત તારની વાડ પાછળ વિવિધ ચીજવસ્તુઓનુ વેચાણ થતુ હોવાના લીધે દર્શનાર્થીઓ માટે પણ જગ્યા રહેતી નથી. આ મામલે મ્યુનિ કમિશ્નર કક્ષાએથી આ સમસ્યાઓમાંથી ભાવિકોને ઉગારવા ત્વરિત યોગ્ય પગલા લેવાય તેવી પણ માંગ કરવામાં આવી છે.

ફેન્સીંગથી પાર્કિંગની સમસ્યા સર્જાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયત સામેની ખુલ્લી જગ્યા જે વન વિભાગ હસ્તકની હતી ત્યાં આજે તારની વાડ કરી દેવામાં આવતા હવે જિલ્લા પંચાયતમાં વાહન-પાર્કિંગની સમસ્યા ઘેરી બનશે. જિલ્લા પંચાયતના સત્તાવાળાઓની રજુઆતોની કોઈ જ અસર વન વિભાગ પર થઈ નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી અને ચ-રોડની વચ્ચે આવેલી ખુલ્લી જગ્યા જે વન વિભાગ હસ્તક છે. તેના પર શનિ-રવિની રજાનો લાભ લઈ વન વિભાગે તારની વાડ ઉભી કરી દીધી છે. આ પહેલાં ત્યાં વૃક્ષોના વાવેતર માટે ખાડા પણ ખોદી રાખ્યા હતા. આ વેળાએ જ જિલ્લા પંચાયતના સત્તાધિકારીઓએ વન વિભાગને આમ નહિ કરવા જણાવ્યુ હતુ. જો કે વન વિભાગે જિલ્લા પંચાયતની વાત કાને ધરી જ નથી. આથી હવે પંચાયત અને વન વિભાગ વચ્ચે ઘર્ષણ થવાની શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત માટે નવી જગ્યા ફાળવવા અને આમ ના કરો તો હાલનું બિલ્ડીંગ તોડી પાડી નવુ બિલ્ડીંગ બનાવવા તેમજ તેમાં નાણાંકીય મદદ માટે વારંવારની રજુઆતો પછી પણ સરકાર નનૈયો ભણી રહી છે.

જિલ્લાના વિસ્તરણ પછી જિલ્લા પંચાયતની કચેરીનું હાલનું મકાન નાનુ પડી રહ્યુ છે તેમજ વાહન પાર્કિંગની સમસ્યા પણ છે તેવી પણ રજુઆત કરવા છતાં સરકાર સંપૂર્ણ મૌન રાખી રહી છે.

હવે વન વિભાગ અને પંચાયતને સામ સામે મુકી આગામી દિવસોમાં પંચાયતના વાહનોની પાર્કિંગની સમસ્યા વધુ ઘેરી બનશે. પંચાયતના પોતાના વાહનોનો કાફલો જ મોટો છે. તેમજ કર્મચારીઓના અને પદાધિકારીઓના વાહનો આ ખુલ્લી જગ્યામાં પાર્ક કરવામાં આવતા હતા હવે વન વિભાગ દ્વારા અહિ તાર ફેન્સીંગ કરી દેવામાં આવ્યુ છે. એવુ પણ જાણવા મળેલ છે કે અહિ વન વિભાગ તેની જાળવણી માટે કર્મચારીની પણ નિયુક્ત કરનાર છે.

પંચાયતે ફેન્સીંગ નહિ કરવા કરેલી રજુઆત સામે વન વિભાગની આંખ મિચામણી

વરસાદ હાથતાળી આપી છટકી ગયો

ગઈરાત્રે શહેરના અમુક સેક્ટરોમાં છાંટા પડતાં માર્ગો ભીના થયા હતા : ઉકળાટ યથાવત

ગાંધીનગર, તા. ૧૦

શહેરના આકાશમાં ગોરંભાયેલા વાદળોમાંથી ક્યારે વરસાદ પડશે અને ઠંડક છવાશે તેની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. મોરલાઓએ ટહુકા કરી કરીને ગગન ગજવી દીધુ છે પરંતુ મેઘરાજાના રીસામણા છુટતા જ નથી. ગઈકાલે સાંજે અમુક સેક્ટરોમાં સહેજ છાંટા પડતા સારા વરસાદની આશા બંધાઈ હતી પરંતુ વરસાદ પુનઃ હાથતાળી આપી ગયો છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી આકાશ વાદળોથી સતત ગોરંભાયેલુ રહે છે. હમણા વરસાદ તુટી પડશે તેવું વારંવાર લાગે છે પરંતુ આખો દિવસ વરસાદની આશામાં પસાર થઈ જાય છે. પરંતુ વરસાદ પડતો જ નથી. વરસાદ માટેના તમામ સંજોગો સાનુકૂળ હોવા છતાં વરસાદ પડતો નથી. વરસાદના અભાવે ગરમી અને બફારો ખુબ વધ્યો છે. પવન પણ ન હોવાથી અગાસી કે આંગણામાં પણ બેસી શકાતુ નથી. માત્ર થોડાક જ સમયમાં પરસેવે રેબઝેબ થઈ જવાય છે. પંખાની અસર પણ ઓછી વર્તાય છે. માત્ર એસીની ઠંડક જ રાહત આપે છે. સખત ગરમી અને ઉકળાટથી કંટાળેલા નગરજનો વરસાદની ખુબ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આ વખતે સીઝનમાં ખુબ ઓછો વરસાદ પડ્યો હોવાથી વાતાવરણાં ઉકળાટ વધુ અનુભવાઈ રહ્યો છે. ગઈકાલે રાત્રે શહેરના અમુક વિસ્તારોમાં થોડાક સમય માટે છાંટા પડ્યા હતા અને માર્ગો ભીના થયા હતા પરંતુ થોડાક સમય બાદ છાંટા પણ બંધ થઈ જતાં શહેરીજનો બફારાથી હેરાન પરેશાન રહ્યા હતા. આજે પણ આખો દિવસ વરસાદ ન પડતાં ગરમી ખુબ અનુભવાઈ હતી.

ગાંધીનગરનું દંપતિ "ચંદીગઢથી લેહ-લદ્દાખ"ની રોમાંચક કાર ડ્રાઈવ માટે પસંદગી પામ્યુ

રેનો કંપનીની "ગેંગ ઓફ ડસ્ટર" ક્લબ દ્વારા આયોજિત કાર-ડ્રાઈવમાં ભારતભરમાંથી જોડાનાર માત્ર ૨૦ ગ્રાહકોમાં સે. ૭ના ગજજર દંપતિનો સમાવેશ : પોતાની ડસ્ટર કાર સાથે બંને વારાફરથી સેલ્ફ ડ્રાઈવ કરી સફરનો આનંદ માણશે

ગાંધીનગર, તા. ૧૦

થોડા સમય પહેલા ગાંધીનગરના કેટલાક સાહસિક યુવાનો લેહ-લદ્દાખની દુર્ગમ પહાડીઓ સુધી બાઈક સવારીનું સાહસ કરી આવ્યા હતા. હવે, ગાંધીનગરનું એક દંપતિ આ માર્ગની અત્યંત રોમાંચક કારડ્રાઈવનું સાહસ કરવા જઈ રહ્યું છે. સમગ્ર ભારતમાંથી આ સફર માટે પસંદ કરાયેલા ૨૦ દંપતિઓમાં પસંદગી પામેલ શહેરનું એક માત્ર દંપતિ એટલે સેક્ટર-૭માં રહેતા યોગેશ ગજજર અને તેમના પત્નિ ધ્રુવાંગી ગજજર.

જાણીતી કાર કંપની રેનો દ્વારા તેની સૌથી વધુ લોકપ્રિય કાર "ડસ્ટર"ના ચાહકો માટે "ગેંગ ઓફ ડસ્ટર"ના નામથી એક ક્લબ ચલાવાય છે. આ ક્લબ દર વર્ષે ડસ્ટર ગાડીના માલિકો માટે સાહસિક રાઈડનું આયોજન કરે છે. તેમાં કંપની તરફથી પસંદગી પામેલ ગ્રાહકોને આ રાઈડ કંપનીના ખર્ચે ઓફર કરવામાં આવે છે. આ વર્ષે રેનો કંપની દ્વારા તા. ૧૬ થી ૨૭ જુલાઈ દરમ્યાન 'ચંદીગઢથી લેહ-લદ્દાખ'ની રોમાંચક સફરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાઈડમાં જોડાનાર ગ્રાહકે તેની પોતાની 'રેનો ડસ્ટર' કાર લઈને જોડાવાનું હોય છે પરંતુ સફર દરમ્યાન બાકીનો તમામ ખર્ચ કંપની ભોગવે છે. 'ચંદીગઢથી લેહ-લદ્દાખ'ની સફર માટે ભારતભરમાંથી ૨૦ ગ્રાહકો પસંદ કરાયા તેમાં ગાંધીનગરના યોગેશ ગજજરનો પણ સમાવેશ થાય છે. તેઓ તેમના પત્નિ ધ્રુવાંગી ગજજર સાથે આ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં પેટા ચૂંટણીમાં ૫૦ ટકાથી વધુ મતદાન નોંધાયુ

મંગળવારે મતગણતરી હાથ ધરાશે : જિલ્લા પંચાયતની પાનસર બેઠક માટે ૫૧ ટકા મતદાન : સવારે મતદારોએ ઉત્સાહ દાખવ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની બે પેટા ચૂંટણીઓનું મતદાન શાંતિપૂર્ણ વાતાવરણાં સંપન્ન થયું છે. કલોલ તાલુકાની પાનસર અને દહેગામ નગરપાલિકાની એક બેઠકની આજે યોજાયેલી ચૂંટણીમાં ૫૧ ટકા જેટલુ મતદાન નોંધાયું છે. હવે મંગળવારે દહેગામ ખાતે અને કલોલ ખાતે મતગણતરી યોજાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કલોલ તાલુકાની પાનસર બેઠકમ માટે આજે યોજાયેલ પેટા ચૂંટણીમાં ૫૧ ટકા જેટલુ મતદાન નોંધાયું છે. ૨૪ જાર મતદારો પૈકી ૧૨,૩૮૩ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. જેમાં ૬૬૩૬ પુરૂષ

● અનુસંધાન પાન-૭ પર

સેમી અર્બન વિલેજ અને મહેસુલી ગામોમાંથી અલગ પડેલી પંચાયતો ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટથી વંચિત

ગ્રામ્ય વિસ્તારમાં અન્યાય અને રોષની લાગણી સરકારમાં રજુઆત પછી પણ એક વર્ષથી ગ્રાન્ટથી વંચિત ગામો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ૨૭ ગામોને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ નહિ ફાળવવામાં આવતાં તેમજ મહેસુલી ગામોમાંથી અલગ પડેલી પંચાયતોને પણ ગ્રાન્ટની રકમ નહિ મળતા ને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં અન્યાયની લાગણી ઉભી થવા પામી છે. તેમજ આ મુદ્દે સરકારમાં રજુઆતો પછી પણ હજુ કોઈ ઉકેલ ન આવાતાં ગ્રામ્ય વિસ્તારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ સીધેસીધી ગ્રામ પંચાયતોને સરકારની ગાઈડલાઈન મુજબ ફાળવી દેવામાં આવી છે પરંતુ સેમી અર્બન ગણાતા ગ્રામ્ય વિસ્તારો

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન

શ્રી સમીરભાઈ ત્રિવેદી
આસીસ્ટન્ટ ડીસ્ટ્રીક્ટ ગવર્નર
રોટરી ઈન્ટરનેશનલ

શ્રી નિમેષભાઈ રાવલ
પ્રમુખ
ગાંધીનગર લાયન્સ ક્લબ

શ્રી કથન ત્રિવેદી
પ્રમુખ
લીયો ક્લબ ગાંધીનગર

ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રોટરી અને લાયન્સ ક્લબના વિવિધ હોદ્દાઓ પર આપની વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ.. શહેરના જનજીવનમાં આપના અસરકાર નેતૃત્વથી બ્રહ્મસમાજ ગૌરવ અનુભવે છે.
આપની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...

શુભેચ્છક - મુંજાલ રાવલ

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફુલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા કેટરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com